વર્ષ ૧ । અંક ૪ । નવેમ્બર, ૨૦૧૭

towards progressive parenting

# પરવરિશ

" The **ART OF PARENTING** is to teach the **ART OF LIVING** to **CHILDREN.** "

## પ્રત્યેક બાળક અનોખું....

જગતનાં બે પાંદડાં સરખાં નથી
જગતના બે માણસો પણ સરખા નથી.
જગતનું બધું વૈવિધ્યસભર છે,
કશું સરખું નથી.
કારણ કે ...
જગત રચિયેતાને વૈવિધ્ય જ ગમે છે,
એણે જ આ વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિ સર્જી છે.
માટે, એ પણ સમજવું જરૂરી છે કે –
પ્રત્યેક બાળક અનોખું છે
અનન્ય છે, અતુલનીય છે.
એને કોઈ સાથે સરખાવશો નહીં,
એની અંદર જ 'કંઈક' છુપાયેલું છે...
એને બહાર લાવો.



## બાળવિકાસ સહજ-આનંદ ક્યારે બની શકે ?



- માતાપિતા જયારે બાળકને બરાબર સમજી શકે ત્યારે.
- માતાપિતા જયારે પોતાની અપેક્ષાઓને નિયંત્રિત કરે ત્યારે.
- માતાપિતા જયારે બાળકને અનુકૂળ થવા પ્રયત્ન કરે ત્યારે.
- માતાપિતા જયારે બાળકને Quality Time આપી શકે ત્યારે.
- માતાપિતા જયારે બાળકની છુપાયેલી શકિત ઓળખી શકે ત્યારે.
- માતાપિતા જયારે બાળકને વિકાસની તકો પૂરી પાડે ત્યારે.
- માતાપિતા જયારે બાળકની નિષ્ફળતામાં સહાયરૂપ બની શકે ત્યારે.
- બાળકના અવાજને સાંભળી શકે ત્યારે.
- બાળકની કુટેવ–નબળાઈઓને સૂઝથી સુધારી શકે ત્યારે.
- બાળકને માત્ર પરીક્ષાના પરિણામોથી ન મૂલવે ત્યારે.
- બાળક સાથે બાળક જેવા બની શકે ત્યારે.
- બાળકના મન સુધી પહોંચી શકે ત્યારે.
- બાળકના સુધારક નહીં તેના રોલમૉડેલ બની શકે ત્યારે.
- બાળકની ઉંમર સાથે બાળકની પરિપકવતાના માપદંડ જાણતા હોય ત્યારે.
- અખૂટ ધીરજ કેળવી શકે ત્યારે.
- પોતાના સંતાનને બીજા બાળકો જોડે સરખાવવાનું બંધ કરે ત્યારે.
- પોતાને બદલવાની તૈયારી રાખી શકે ત્યારે.
- જયારે બાળઉછેર માટે નવા વિચારો અને રીતો સ્વીકારી શકે ત્યારે.
- માતાપિતા જયારે પોતાની માન્યતાઓ અને પૂર્વગ્રહોમાંથી બહાર આવી બાળક સાથે કામ લે ત્યારે. બાળક ઈશ્વરનો પ્રસાદ છે.

ઈશ્વરનું સ્વરૂપ છે એમ સમજી માતાપિતા તેની સાથે વ્યવહાર કરે તો સંતાન ઉછેરની પ્રક્રિયા એવાં પરિવારો માટે જવાબદારી કે બોજ નહિ, પણ સહજઆનંદ (સહજાનંદ) બની જાય છે.

# એક રાસ્તા હૈ જીંદગી, જો થમ ગયે.. તો કુછ નહીં. !






એક મુસાફર બરફીલા પર્વતના શિખરે ચડવા માટે યાત્રા કરતો હતો. રસ્તામાં બરફનું તોફાન હતું. મુસાફર થાકયો હતો, વસ્ત્રો ફાટયા હતા. ખોરાક ઓછો હતો, અને જોખમ વધુ હતું. રસ્તામાં એક વિરામ સ્થળે એ રોકાયો એને પૂછવામાં આવ્યું કે,આ બધી વિપત્તિઓ વચ્ચે એ પર્વતની ટોચે કઈ રીતે પહોંચશે ?

'હું પહોંચીશ.' મુસાફરે ખુમારીથી જવાબ આપ્યો, 'કારણ કે મારું હૃદય તો મારી મંઝિલ પર પહેલા જ પહોંચી ગયું છે. હવે બાકીના શરીરે તો એને અનુસરવાનું છે.''

**કરિઅર એટલે કારકિર્દી અને એમ્પ્લોયમેન્ટ એટલે રોજગાર.** બંનેમાં ફરક શો ? અત્યારે તો જેમાં વધુ કમાણી એ કરિઅર, એવું સાદુ સમીકરણ બેસી ગયું છે પણ વાત આટલી સીધી સાદી નથી. આ તો રોજગારની વ્યાખ્યા થઈ. કામ કરો ને દામ મેળવો. કરિઅરમાં આ બંને ઉપરાંત પણ એક ચીજ છે એ છે નામ. રેપ્યુટેશન. આ ગીત તો સોનુ નિગમ સિવાય બીજું કોઈ ગાઈ જ શકે નહિ એવું જયારે કહેવાય ત્યારે સોનુની કરિઅર બની કહેવાય ! કરિઅર સેલ્ફ આઈડેન્ટીટીનું રિફ્લેકશન છે. એમાં શ્રેષ્ઠ પ્રયત્નો અને શ્રેષ્ઠ પરિણામોની સાધના છે. કરિઅરમાં પાસિંગ માર્કસ હોતા નથી. આ 'ધ બેસ્ટ' લોકોની કલબ છે. જયાં ૧૦૦% નહિ, ૧૦1% નહિ, ૧૧૦%, ૧૫૦% પરફોર્મન્સ આપવું પડે છે નહિ તો પબ્લિક અમિતાભ બચ્ચનથી લઈને રાહુલ દ્રવિડને દરવાજો બતાવી શકે છે.

કરિઅર પસંદ કરવાના આપણા કારણો અને તારણો વિચિત્ર છે. શેરબજારિયાઓની માફક આજના પગાર અને તકોના આધારે કોર્સનો નિર્ણય લેવાઈ જાય છે. પાંચ વર્ષ પછીની સ્થિતિનો કોઈ અંદાજ મુકતું નથી. બહેનપણી કે ભાઈબંધને પૂછીને એની પાછળ–પાછળ એ જ કોર્સ કે સંસ્થામાં દાખલ થવાના નિર્ણય લેવાઈ જાય છે. કોઈ જાગૃત માતપિતા વળી સાહેબ લોકોને પૂછીને સર્વેક્ષણ કરે છે. પોતે ધારેલા અનુમાન પર એમને બીજા લોકોનો સ્ટેમ્પ મરાવવો હોય છે, જેથી ભવિષ્યમાં પ્રોબ્લેમ્સ થાય તો એમની કશી જવાબદારી જ નહિ ! સવાલ એ થાય તો વળી કરિઅર ચોઈસ માટે કોને પૂછવું ?

બેસ્ટ કરિઅર ચોઈસ માટે બંદાની 3T ફોર્મ્યુલા છે. 'થ્રી ટી' યાને ટાઈમ, ટેસ્ટ, ટ્રેઝર.



**Time** : જે તે કરિઅર જમાવવા માટે જેટલો સમય આપવો પડે એ આપણી પાસે છે કે નહિ ? એટલી ધીરજ છે ? બીજા કશા પરિબળો નડે એમ નથી ને ? ભવિષ્યમાં કંટાળો નહિ આવે ને ? ભવિષ્યનો સમય આ કરિઅરમાં આનંદમાં જશે ને ? પાછળથી સમયની 'તાણ' મનનો 'સ્ટ્રેસ' નહિ વધારે ને ?



**Taste** : બીજી અને સૌથી મહત્વની વાત ટેસ્ટ. ના Test વાળી પરીક્ષાની વાત નથી. આ વાત છે Taste વાળા સ્વાદની. યાને આપણા રસ અને રૂચિની. ન ગમતા ક્ષેત્રમાં રસ ન પડે. રસ ન પડે તો સમય ન અપાય. સમય ન અપાય તો ગુણવત્તા ન જળવાય. ગુણવત્તા ન હોય તો કશું યાદ ન રહે. યાદ ન રહે તો નિષ્ણાત ન બનાય. નિષ્ણાત ન બનો તો કરિઅર ન બને ? અને તમને ગમતું કામ કરો, તો થાક ન લાગે !



**Treasure** : ત્રીજું ટ્રેઝર યાની ખજાનો. જે–તે કારકિર્દી ઘડવા માટે કેટલા રૂપિયા રોકી શકાય તેમ છે ? કેરિઅર રિસોર્સીસ વિના બનતી નથી. બૂકસ, સીડી, કોમ્પ્યુટર, ટ્રાવેલિંગ.. આ બધો બેસ્ટ કરિઅર માટેનો ખર્ચ નથી. રોકાણ છે. જેટલું વધુ ઈન્વેસ્ટમેન્ટ એટલું સારું રિટર્ન અને વધુ વળતર જોઈએ, તો રોકાણ ટૂંકા ગાળાનું નહિ, પણ લાંબા ગાળાનું જોઈએ. સદ્નસીબે, ટેલેન્ટેડ વ્યકિત પૈસાના અભાવે ભણી ન શકે એ યુગ ગાડાઓ અને ફાનસોની સાથે જ આથમી ગયો છે.

તો યારો, પૂછો તમારી જાતને ! તમે આજથી ૧૦ વર્ષ પછી તમારી જાતને કયાં જોવા માંગો છો ? આંખો મીંચો અને વિચારો ! તમારી અવસાન નોંધમાં તમે શું કરી ગયા, એવું લખાણ તો તમને સંતોષ થાય ? બધા પાસે ફકત એક જ જિંદગી હોય છે. રાષ્ટ્રપતિ પાસે પણ અને પટાવાળા પાસે પણ ! એની તમને મજા પણ આવે અને કંઈક જગત નોંધ લે એવું કરી બતાવવા શું કરી શકાય ? જે જવાબ મળે, એમાં કરિઅર શોધવાનો પ્રયત્નો કરો !

૨૧મી સદીનો કરિઅર મંત્ર ૧૦ વર્ષ અગાઉ વિચાર્યો હતો : **અર્ન ફાસ્ટ, લર્ન ફાસ્ટ** (Earn Fast, Learn Fast) બધાને ઝટપટ અર્નિંગ (કમાણી) જોઈએ છે, પણ કોઈને લર્નિંગ (શીખવા) માટે સ્પીડ પકડવી નથી ! લાગવગની ચિઠ્ઠીઓ કે નસીબના જોરે તક મળે છે, પણ તક જાળવી શકાતી નથી. ઈનામમાં મળેલી કારને પણ ચલાવવા માટે ડ્રાઈવીંગ શીખવું પડે છે. કાર મફત મળી શકે, ડ્રાઈવિંગની સ્કિલ અર્થાત આવડત નહિ ! **નો પેઈન, નો ગેઈન !**

પહેલા કરતા આજે કરિઅર સ્વીચઓવર બેશક વધુ આસાન છે. ડૉકટર સિંગર બની શકે છે, અને એન્જિનિયર પોલિટિશ્યન, ટીચર ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ બને અને એકાઉન્ટન્ટ એજયુકેશનાલીસ્ટ ! પણ અગેઈન ફિલ્મી ડાયલોગ ફટકારીએ તો સૈફ અલી 'રેસ' માં બોલે છે. તેમ, ''મૈં સોચ કર ફૈસલા કરતા હું, ફૈસલા કર કે સોચતા નહી !'

રજાઓમાં મજા કરતા કરતા દિમાગની બત્તી જલાવતા જાવ. કયો કોર્સ સારો ! કઈ ઈન્સ્ટિટયુટમાં પ્લેસમેન્ટ મળશે ? કઈ કરિઅરનું ફયુચર બ્રાઈટ છે આવું બધું પૂછવાને બદલે એક લિસ્ટ બનાવો. જે આવડે છે, જેમાં રસ છે એ બાબતો પ્લસ સાઈડમાં, જે નથી આવડતું, નથી ફાવતું એ માઈનસ સાઈડમાં. નકકી કરો કે થોડી મહેનત, માર્ગદર્શન, મુદ્દત પછી કેટલા ઉધાર પાસાએ જમા બાજુએ આવી શકશે ? અને પછી જે કરિઅર ગમતી હોય એના લાંબા ગાળાના ફિચર્સ વિચારો. આપણી કેટલી એસેટ્સ (પ્લસ પોઈન્ટ્સ) એમાં ફિટ હશે, અને કેટલી નબળાઈઓ સ્પીડબ્રેકર બનશે, એ નકકી કરો. **વન્સ યુ મેઈક ડિસિશન.. જસ્ટ ગો ફોર ઈટ...! 'એક બોલ મેં દો ચૌકે ઔર લાઈફ મેં દો મૌકે કભી નહીં આતે.''**

– જય વસાવડા

( 'જય હો...' પુસ્તક માંથી સાભાર)

# ૪ વર્ષ થી ૭ વર્ષના બાળકોનો વિકાસક્રમ





| | ૪ વર્ષ | ૫ વર્ષ | ૬ વર્ષ | ૭ વર્ષ |
|---|---|---|---|---|
| શારીરિક વિકાસ | પગથિયું ચડી શકે છે તેમ જ ઉપર–નીચે સીડી ચડી ઊતરી શકે છે. | સારી રીતે દોડી શકે છે ડાબા–જમણા હાથને ઓળખી શકે છે. દાંત સાફ કરી શકે છે. | હાથ વડે અનેક ક્રિયાઓ કરી શકે છે. સાઈકલ ચલાવી શકે છે. તેના પ્રાથમિક દૂધિયા દાંત પડવાની શરૂઆત થાય છે અને કાયમી દાંત આવે છે. | રમતગમત, બોલબેટ, તરવાની કે સંગીતનાં સાધનો વગાડવાની શરૂઆત કરે છે. |
| સામાન્ય વર્તન | કપડાં પહેરવાં, કાઢવાં, ટોઈલેટ જવું અને સફાઈ કરવાનું તેમ જ ચમચી વડે ખાતાં આવડે છે. હાથ સાફ કરવાની ક્રિયા સંપૂર્ણ જાતે કરી શકે છે. | કોઈની પણ મદદ વગર કપડાં કાઢવાનું તેમ જ હાથ અને ચહેરો સાફ કરતાં આવડે છે. વ્યવસ્થિત રમતાં અને બધાંની સાથે ગ્રુપમાં રમતાં આવડે છે. માણસ અને ઘરના આકાર દોરી શકે છે. | હાથ–મોં ધોવા, ન્હાવા–ધોવા કે કપડાં પહેરવામાં બેદરકારી રાખે છે. ચિત્રોમાં સમજથી જુદા–જુદા આકાર કરી શકે છે. ડાબો–જમણો હાથ – પગ ઓળખી શકે છે. | પોતાની આસપાસની દુનિયા–દારીની સમજ અને પોતાની જાગૃતિ અને બુદ્ધિપૂર્વકનાં કાર્યો કરી શકે છે. |
| ભાષા - વિકાસ | પોતાનું નામ બોલે, માતા–પિતાનાં નામ બોલે. ઉંમર બોલે, સરનામું બોલે, સમય સમજે, કંઈ પણ બોલો તો એકબીજા શબ્દોને યોગ્ય સુસંગતતા જાળવવા પ્રયત્ન કરે છે. | સ્પષ્ટ, સુંદર અને વ્યવસ્થિત બોલતાં આવડે છે. એકથી વીસ સુધીના આંક બોલતાં આવડે છે. | શબ્દો અને અંક લખતાં–વાંચતાં આવડે છે. એક અંકી આંકડાના સરવાળા, બાદબાકી કરતાં આવડે છે. | સાદા શબ્દો લખતાં–વાંચતા આવડે છે. અંક ઓળખવામાં અને સરવાળા–બાદબાકી કરવામાં પ્રગતિ જોવા મળે છે. અન્ય વ્યક્તિઓ સાથે બોલતાં કે સંબંધ રાખતાં શીખે છે. |
| વિશેષ વિકાસ | નવી નવી કલ્પનાઓ કરતાં શીખે છે. આત્મવિશ્વાસ વધતો જોવા મળે છે. ઘણી પ્રવૃત્તિઓ (એક્ટિવિટી)માં ભાગ લે છે. ઘણું જાતે કરવા જાય છે પરંતુ ઘણી વખત નિષ્ફળતા પામે છે. | ગંભીરતા જણાય, સમજદારી, સહકારની ભાવના શીખે છે અને બીજાને આપે છે. વખાણ બહુ જ ગમે છે. હરવું–ફરવું તેમજ દરેક વસ્તુ જાણવી, જોવી, સમજવામાં રસ પડે છે. | ચીડિયું, મનમોજી, વાળી શકાય તેવો સ્વભાવ હોય છે. ઘણી વખત ઉદ્ધત અને ઉગ્ર સ્વભાવ પણ જોવા મળે છે. | શાંત અને વિચારશીલ તેમ જ થોડી જવાબદારી ભરી અકકલ જોવા મળે છે. |
| સામાન્ય મુશ્કેલીઓ | ઘોંઘાટ કરે, જિદ્દી, વાતો કર્યા કરે અને જાતજાતની વાર્તાઓ કરે, જ્યાં ત્યાં ફર્યા કરે અને કંઈ ને કંઈ શોધતું રહે છે. પોતાના હકકો બતાવે અને તેને ખરા કરવા પ્રયત્ન કરે છે. | પોતાની કાલ્પનિક શકિતઓ વડે વાર્તાઓ બનાવી કહે છે. ઘણા બાળકો અંગૂઠો ચૂસે છે. ખોટાં વચનો આપે છે. | ટોઈલેટમાં રમત કરે છે. બિહામણા અવાજ કરે છે. ભૂતની વાતો કરે છે. સૂચનાનો અમલ કરવામાં બહુ ધીમું હોય છે. હંમેશા પહેલા રહેવાનું પસંદ કરે છે. દરેક વસ્તુઓ તેને જોઈતી હોય છે. બડાઈ કરે છે. ઘણી વખત પેશાબની ઈન્દ્રિય સાથે રમત કરે છે. | સૂચનાઓ ભૂલી જાય છે. કોઈ મને પ્રેમ નથી કરતું તેમ વિચારે છે. મોટાં ભાઈ–બહેન પ્રત્યે અદેખાઈ કરે છે અને ગેરલાભ ઉઠાવે છે. ઈન્દ્રિય સાથે રમત કરે છે. સારી વસ્તુ ઓછું અને ખરાબ વસ્તુનું જલદીથી અનુકરણ કરે છે. |

# પપ્પા એટલે શું ?



પપ્પા એટલે ખાલી એક નામ ?
પપ્પા એટલે ખાલી એક દેખાવ જ ?
પપ્પા એટલે ખાલી એક પદ ?
પપ્પા એટલે ખાલી બાયોડેટામાં નામની પાછળ લાગતું અસ્તિત્વ ?
ના ....

✦ પપ્પા એટલે પરમેશ્વરના પુરાણો કરતા વધુ પ્રેકટિકલ પ્રેરણાદાઈ પુસ્તક ....

✦ આપણી સૌથી મોટી તકલીફ એ છે કે આપણા માંથી ઘણા પુરાણો વાંચવાની અને સમજવાની વાતો કરે છે પણ ઘરમાં બેઠેલા પપ્પાને નથી વાંચી શકતા...

✦ આ પપ્પા નામની પ્રોફાઈલને ક્રેડિટ સાથે બહુ લેવાદેવા નહી. મા ને ઈશ્વર માની લેનાર સમાજ પપ્પાને પપ્પા જ સમજે. કારણ કે આ પપ્પાએ કોઈ દિવસ પોતાની જાતને ઈશ્વરની કેટેગરી માટે નોમીનેટ કર્યો જ નથી.

ખબરદાર જો આમ કર્યું છે તો...
આવવા દે તારા પપ્પાને

'બધું જ કહી દઈશ' આવા વાકયો દરેક મા એ કયારેક ને કયારેક પોતાના બાળકને નાનપણમાં કહ્યાં જ હશે અને ન છૂટકે પણ પેલો ઓફિસમાં ફેમીલી માટે કમાતો બાપ બાળકનો અજાણ્યો દુશ્મન બની જાય છે અને અજાણતા જ સંતાનો સાથેનું આ છેટું ઘણું લાંબુ ચાલે છે.

✦ આપણી તકલીફમાં આપણા ખામીને ટેકો દેવા એ જીવતો દેવ હાજરા હજૂર જ હોય છે.

✦ બાકી પપ્પા તો એવા પરમેશ્વર છે જેને પામવા વ્રત–ઉપવાસ કે અઘરા શ્લોકના ગાન કરવા નથી પડતા.

ઘણા કિસ્સાઓમાં તો બાપની ખરી કિંમત સમજાય છે ત્યાં સુધીમાં બાપ ખીલ્લી પર ટાંગેલ ફોટો બની ગયો હોય છે.

ડૉ. નિમિત્ત ઓઝાએ લખેલ એક સરસ વાત યાદ આવે છે કે ઘરની બહાર નીકળતા ખાડો આવે ને પડી જવાય તો 'ઓ મા' બોલાય છે પણ અજાણ્યા જ રસ્તો ક્રોસ કરતા ટ્રક છેક પાસે આવી જાય ત્યારે તો મ્હોં માંથી 'ઓ બાપ રે' જ સરી પડે છે. જે એ વાતની સાબિતી છે કે નાની નાની તકલીફો માં મા યાદ આવે પણ જીવનની અઘરી અને મોટી તકલીફોમાં તો બાપ જ યાદ આવે છે.

✦ પપ્પા નામના પરમ મિત્રને ઓળખવાની કળા મોટા ભાગે યુવાનીમાં કેળવાતી જ નથી બાકી એ વાત ખરી કે આ ઉંમરમાં પપ્પા ભણાવા કરતા ગણાવે છે વધુ.

✦ કોઈ બાપ પાર્ટ ટાઈમ નોકરી કરતો હશે પણ પિતૃત્વ તો ફુલ ટાઈમ જ કરતો હશે. કારણ કે ખેતરમાં હળ ચલાવતો કે પછી ઓફિસમાં ઓવર ટાઈમ કરતો બાપ આખરે તો દિકરા કે દિકરીને સઘળી સવલતો આપવા જ સજ્જ થતો હોય છે.

✦ આપણી યુવાનીમાં કરેલી ભૂલોથી ટાયર્ડ થઈ જતો બાપ ચીડાઈ ને પિતૃત્વથી રીટાયર્ડ નથી થઈ જતો. એને પળે પળ આપણને કંઈક શીખવું છે. કારણ કે જીવનમાં જયાં જયાં એણે પીછે હટ ભરી છે ત્યાં ત્યાં આપણે ન ભરી દઈએ.

✦ બુદ્ધિનું બજેટ ખોરવ્યા વિના આપણી બાહોશતા અકબંધ રહે તેવા પ્રયત્નો એ સતત કરતો રહે છે. આ કારણોસર એ મોટાભાગે કડક વલણ અપનાવે અને એટલે જ  એ છપ્પનની છાતીમાં રહેલું લીસ્સુ માખણ આપણને મોટાભાગે ઓળખાતું નથી.

✦ આ પપ્પા એટલે ૯ વાગે ટીવી બંધ કરીને જબરજસ્તી ભણવા બેસવાનો ઓર્ડર નહી પણ ભણતરની કિંમત સમજાવતું એક સુવાકય.

➼ આ પપ્પા એટલે રાત્રે જયાં સુધી ઘરે ન આવીયે ત્યાં સુધી સતત ચાલતો હિંચકાનો કિચુડ કિચુડ અવાજ.
➼ આ પપ્પા એટલે મમ્મી કરતાં પણ વધુ વ્હાલની ઉપર પહેરેલૂં કડકાઈનું મ્હોરૂ.
➼ આ પપ્પા એટલે એવી પર્સનાલીટી જે ફેશન ન કરતી હોવા છતાં ય આપણા સ્ટાઈલ આઈકોન બની જાય.
➼ આ પપ્પા એટલે આપણને કદિ યે પડી ન જવા દેતો સાઈકલની સીટની પાછળથી પકડેલો મજબુત હાથ.

✦ આખરે પપ્પા એટલે પપ્પા
બસ આમ જુવો તો કશું જ નહી, અને આમ જુવો તો બધ્ધું જ.

હજુયે સમય છે જો પપ્પા નામનું લાગણી નું સરનામું જીવંત બનીને ઘરમાં પોતાની મીઠાશ ફેલાવતું હોય તો આ લેખ પુરો કરીને એને જઈને એકવાર કોઈજ કારણ વગર ભેટી પડજો.

એ પપ્પા નામના પુસ્તકમાં એવું સરસ મઝાનું પાનું જોડાશે જે જીવનભર વાંચવું ગમશે.


સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત...
શ્રી શારદા વિદ્યામંદિર
Addr.: સિંગણપોર, કોઝવે રોડ, સુરત
Phone : 7622005354
E-mail : shreeshardavidhyamandir@gmail.com
Website : www.ssvmsurat.com

શ્રી માધવ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત
માધવ બાગ વિદ્યાભવન
Addr.: નવો કોસાડ રોડ, અમરોલી, સુરત
Phone : 2496736, 99799 14147
Email : mbvamroli@gmail.com
Web :www.madhavbaugsurat.com

દીપ દર્શન વિદ્યા સંકુલ
Addr. : દેલાડવા રોડ, ડીંડોલી, સુરત.
Phone : 98250 33150, 99258 33150
Email : deepdarshan2012@gmail.com
Website : www.deepdarshan.org

Parth @ 2550517